# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 05-05-2025** **Morning : 7.10 to 7.20**
**Day : MONDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **કરણ મકવાણા** વાંચે છે.

---

1. **ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ જણાવ્યું કે અમદાવાદનાં ચંડોળા તળાવની આસપાસ દોઢ લાખ ચોરસ મીટરનું દબાણ દૂર કરાયું**
2. **ધોરણ-12ની ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની પરીક્ષાનું પરિણામ આજે જાહેર થશે**
3. **એપ્રિલ 2025માં રાજ્યમાં 14 હજાર 970 કરોડ રૂપિયા નાં વસ્તુ અને સેવા કર-GSTની વસૂલાત થઈ.**
4. **સુમુલ ડેરી દ્વારા આજથી દૂધની કિંમતમાં લિટર દીઠ 2 રૂપિયાનો વધારો**
5. **રાજ્યનાં ઘણા જિલ્લાઓમાં કમોસમી વરસાદઃ આજે પણ મોટાં ભાગનાં જિલ્લાઓમાં માવઠાના આગાહી.**

--------------------------------------------------------------------------------

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ 7 વાગીને 45 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# HARSH SANGHVI – DEMOLITION

અમદાવાદમાં ચંડોળા તળાવમાં હવે બીજા અને ત્રીજા તબક્કામાં ગેરકાયદેસર દબાણો દૂર કરાશે.

ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ જણાવ્યું છે કે, પ્રથમ તબક્કામાં ચંડોળા તળાવ પાસેથી દોઢ લાખ મીટરનું દબાણ દૂર કરાયું. શ્રી સંઘવીએ ઉમેર્યું કે અહીથી 800થી વધુ બાંગ્લાદેશીઓને ઝડપી પાડવામાં આવ્યા હતા. આ તમામ બાંગ્લાદેશીઓને ડિપોર્ટ કરવા સહિતની ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ માહિતી આપી હતી.

## (બાઇટ: હર્ષ સંઘવી)

આ કેસમાં ધરપકડ કરાયેલા લલ્લા બિહારી અને તેના પુત્ર ફતેહ મોહમ્મદને સાથે રાખીને પોલીસે ગઈકાલે ઘટના સ્થળે રિકન્સ્ટ્રક્શન કર્યું હતું.

---

# BHAVNAGAR- FOREIGNERS

ભાવનગર પોલીસ દ્વારા બાંગ્લાદેશ સહિતના વિદેશી નાગરિકોની તપાસ હાથ ધરાઇ છે. છેલ્લા ત્રણ દિવસ દરમિયાન શહેર અને જિલ્લામાંથી ૧ હજાર ૫૦૦થી વધુ નાગરિકોની તપાસની કરાઈ હતી. હાલ મરિન પોર્ટ પોલીસ દ્વારા દૈનિક પાંચ બોટ તથા ૩૦થી વધુ ખલાસીની તપાસ કરાઇ રહી છે. જો કે, પોલીસને હજી સુધી કઈ વાંધાજનક મળ્યું નથી. આગામી દિવસોમાં પણ આ કાર્યવાહી યથાવત રહેશે.

---

# CM CHHATRAL MOTABAR PATIDAR SAMAJ

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે શિક્ષણને વેગ આપતી નમો લક્ષ્મી અને નમો સરસ્વતી જેવી રાજ્ય સરકારની યોજનાઓનો વધુને વધુ લાભ લેવા આહવાન કર્યું છે.

ગઇકાલે ગાંધીનગર જિલ્લાનાં છત્રાલ ખાતે મોટાબાર કડવા પાટીદાર સમાજ સુધારક મંડળ દ્વારા કેમ્પસનું નામકરણ તથા સમત્વ નેચરોપથી સેન્ટરના ઉદઘાટન સમારોહમાં મુખ્યમંત્રીએ જણાવ્યું કે , નાની ઉંમરમાં થતી ગંભીર બીમારીઓની સમસ્યાઓને નાથવા માટે પ્રાકૃતિક ખેતી આજના સમયની માંગ છે.

---

# GSEB RESULT

આજે ધોરણ-12ની ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની પરીક્ષાનું પરિણામ જાહેર થશે. આ સાથે ગુજકેટ અને સંસ્કૃત મધ્યમાનું પરિણામ પણ બોર્ડ દ્વારા જાહેર કરાશે.

સાંભળીએ એક અહેવાલ..

## વોઇસ કાસ્ટ: અજય ઇન્દ્રેકર

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ આજે ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહ, સામાન્ય પ્રવાહ, વ્યવસાયલક્ષી પ્રવાહ, ઉત્તર બુનિયાદી પ્રવાહ, GUJCET-2025 અને સંસ્કૃત મધ્યમાનું પરિણામ જાહેર કરશે. વિદ્યાર્થીઓ બોર્ડની વેબસાઇટ www.gseb.org પર સવારે સાડા દસ વાગ્યાથી પરિણામ જોઈ શકશે. આ ઉપરાંત વિદ્યાર્થીઓ વોટ્સએપ નંબર

6357300971 પર પોતાનો બેઠક ક્રમાંક મોકલીને પરિણામ મેળવી શકશે. વિદ્યાર્થીઓના ગુણપત્રક અને પ્રમાણપત્ર શાળાઓને મોકલવા અંગેની જાણ હવે પછીથી કરવામાં આવશે.

**અજય ઇન્દ્રેકર આકાશવાણી સમાચાર અમદાવાદ**

---

# MORMI- FIRE

મોરબીના માળીયા હળવદ હાઇવે રોડ ઉપર આવેલી પેપર મિલમાં આગ લાગી હતી. કારખાનાના ગોડાઉનમાં ભરેલ માલમાં આગ લાગતા ફાયર વિભાગ ઘટના સ્થળે દોડી આવ્યું હતું. મોરબી, રાજકોટ, ધાંગધ્રા, હળવદ સહિતના કેન્દ્રોમાંથી ફાયરના વાહનો દ્વારા મોડી રાત સુધી આગને કાબુમાં લેવા ભારે જહેમત ઊઠાવાઇ હતી. આગને કારણે દસથી બાર હજાર મેટ્રિક ટન કાચો માલને નુકશાન થયું હતું.

---

# AMBAJI- FOREST FIRE

અંબાજીમાં ગબ્બર પાછળના જંગલ વિસ્તારમાં આગ લાગતાં વૃક્ષોને ભારે નુકશાન થયુ છે. વન વિભાગના કર્મચારીઓ દ્વારા આગ ઓલવવાના પ્રયત્નો હાથ ધરાતા હાલ આગ કાબુમાં લેવાઇ ગઈ છે. જો કે આ ઘટનાને પગલે નજીકના રીંછ અભ્યારણમાં જંગલી જાનવરોને નુકસાન થયાની ભીતિ સેવાઇ રહી છે.

---

# GST COLLECTION

એપ્રિલ 2025માં રાજ્યમાં 14 હજાર 970 કરોડ રૂપિયાનું વસ્તુ અને સેવા કર-GSTની વસૂલાત થઈ છે. ઉદ્યોગો માટે અનુકૂળ નીતિ અને મજબૂત આર્થિક પ્રવૃત્તિઓ સાથે એપ્રિલ 2024ની સરખામણીએ 13 ટકાના વધારા સાથે રાજ્યનું આ નોંધપાત્ર પ્રદર્શન છે. GST કલેક્શનમાં ગુજરાત અનેક મોટા રાજ્યો કરતા આગળ છે. GST કલેક્શનના મામલે ગુજરાત મહારાષ્ટ્ર અને કર્ણાટક પછી દેશમાં ત્રીજા ક્રમે છે. નાણાંકીય વર્ષ 2024-25માં ગુજરાતે GSTમાંથી 73 હજાર281 કરોડ રૂપિયાની આવક પ્રાપ્ત કરી હતી, જે નાણાંકીય વર્ષ 2023-24ની સરખામણીએ 14 ટકાનો વધારો દર્શાવે છે.

---

# SUMUL MILK PRICE

દક્ષિણ ગુજરાતની સહકાર ક્ષેત્રની અગ્રણી સુમુલ ડેરી સુરત દ્વારા દૂધની વેચાણ કિંમતમાં વધારો કરવામાં આવ્યો છે. એક લિટર દીઠ 2 રૂપિયાનો વધારો આજથી લાગુ પડશે.

ડેરીએ પશુ ઘાસચારો , પરિવહન, પશુઓની માવજત સહિતનાં ખર્ચમાં વધારો થવાથી દૂધ ઉત્પાદકો આર્થિક બોજનો સામનો કરી રહ્યા હોવાથી પશુપાલકો પશુપાલનના વ્યવસાયમાં ટકી રહે એ હેતુથી આ ભાવવધારો કરવામાં આવ્યો છે.

ઉલ્લેખનીય છે કે ત્રણ દિવસ પહેલાં જ ડેરીએ પશુપાલકો માટે કિલો ફેટના ભાવમાં 20 રૂપિયા વધારો કર્યો હતો.

---

# JAMNAGAR-RANMAL LAKE

જામનગરના રણમલ તળાવની વચ્ચે આવેલા માછલીઘરને ફરી શરૂ કરાયું છે. આ માછલી ઘરમાં કુલ 30 પેટીમાં 450 થી વધુ માછલીઓ નિદર્શન માટે રાખવામાં આવી છે. માછલી ઘર સવારે 9 વાગ્યાથી બપોરે એક વાગ્યા સુધી અને સાંજે ત્રણ વાગ્યાથી છ વાગ્યા સુધી લોકોના નિદર્શન માટે ખુલ્લુ રહેશે.

આ અંગે મહાનગરપાલિકાના અધિકારી હિરેન સોલંકીએ વધુ માહિતી આપી..

**બાઇટ : હિરેન સોલંકી, JMC અધિકારી**

---

# WEATHER

રાજ્યનાં અનેક જિલ્લાઓમાં ભર ઉનાળે માવઠાના અહેવાલ છે. સાયક્લોનિક સરક્યુલેશનને કારણે વાતાવરણમાં પલ્ટો આવતા મહેસાણા , બનાસકાંઠા, મહીસાગર, અરવલ્લી જિલ્લામાં કમોસમી વરસાદને પગલે વિવિધ યાર્ડમાં ખુલ્લામાં પડેલી જણસીને નુકસાન થયું છે.

દરમિયાન, હવામાન વિભાગે આજથી ચાર દિવસ રાજ્યમાં મહતમ તાપમાનમાં ત્ર ણથી પાંચ ડીગ્રીનો ઘટાડો થવાની અને છ દિવસ સુધી કેટલાંક જિલ્લાઓમાં હળવાથી મધ્યમ વરસાદ અને ઝાપટાની આગાહી કરી છે.

આ અંગે હવામાન વિભાગના વૈજ્ઞાનિક રામાશ્રય યાદવે વધુ માહિતી આપી

**(BYTE RAMASHREY YADAV)**

દરમિયાન કેટલાક જિલ્લાઓમાં પવનની ઝડપ 50થી 80 કિલોમીટર પ્રતિ કલાકની રહી શકે છે. છેલ્લા 24 કલાક દરમિયાન રાજકોટ, અમદાવાદ ગાંધીનગર અને વલ્લભ વિદ્યાનગરમાં મહત્તમ તાપમાન 43 ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું.

---

# AYUSHMAN BENEFICIERY

આયુષમાન યોજના જરૂરિયાત મંદ લોકો માટે આશીર્વાદરૂપ બની છે. સાબરકાંઠા જિલ્લાના લાભાર્થી જણાવે છે કે ખાનગી હોસ્પિટલમાં 2 થી 3 લાખ રૂપિયાના ખર્ચની સામે આયુષ્માન યોજના માં તેમને નિશુલ્ક સારવાર મળી છે. આ માટે તેઓએ કેન્દ્ર સરકારનો આભાર વ્યક્ત કર્યો હતો.

**બાઇટ: લાભાર્થી**

---

# FOOT BALL

ગુજરાત સ્ટેટ ફૂટબોલ  એસોશિએશન દ્વારા યોજાયેલી ગુજરાત સુપર લીગ- 2 ફૂટબોલ મેચમાં અમદાવાદ એવેન્જર્સ અને સુરત સ્ટ્રાઈકર્સની ટીમે જીત મેળવી છે.

ગઈકાલે  રમાયેલી અમદાવાદ એવેન્જર્સ અને કર્ણાવતી નાઈટ વચ્ચેની મેચમાં અમદાવાદ એવેન્જર્સની ટીમને    80મી મિનિટે પેનલ્ટી મળતા મોહમ્મદ અસરારે પેનલ્ટીને ગોલમાં ફેરવી ટીમને  1-0થી જીત અપાવી હતી. તો બીજી તરફ સુરત સ્ટ્રાઈકર્સ અને ગાંધીનગર વચ્ચે રમાયેલા પહેલા મુકાબલામાં સુરત સ્ટ્રાઈકર્સના હર્ષ પરમારે અને પલાસ બરબેરે કરેલા ગોલની મદદથી સુરતની ટીમે ગાંધીનગર જાયન્ટ્સને  2-1થી મહાત આપી હતી. આજે ગુજરાત સુપર લીગમાં ગાંધીનગર જાયન્ટ્સ અને અમદાવાદ એવેન્જર્સ વચ્ચે મુકાબલો રાતે   9 વાગ્યાથી રમાશે.

---